પી.ટી.સી. પ્રવેશના નિયમોમાં સુધારા
ઠરાવ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૬/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગના તા.૨૧/૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન

(૨) પ્રા.શિ.નિ.શ્રીની કચેરીનો તા.૨૯/૨/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/જ/પીટીસી/૨૦૨૦/૧૩૦૦૮.

આમુખ:

રાજયની સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન હસ્તકની તથા સ્વનિર્ભર D.EL.ED.(પી.ટી.સી.) પ્રથમ વર્ષ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની હાલની કેન્દ્રિયકૃત અને ઓનલાઇન પ્રવેશ પધ્ધતિને બદલે ઓફલાઇન કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી પ્રવેશની કામગીરી ડી.એલ.એડ.(પી.ટી.સી.)નો અભ્યાસક્રમ ચલાવતી રાજયની સબંધિત સંસ્થાઓને સોંપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે રાજયની સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન હસ્તકની તથા સ્વનિર્ભર D.EL.ED.(પી.ટી.સી.) પ્રથમ વર્ષ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની હાલની કેન્દ્રિયકૃત અને ઓનલાઇન પ્રવેશ પધ્ધતિને બદલે ઓફલાઇન કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી પ્રવેશની કામગીરી D.EL.ED.(પી.ટી.સી.)નો અભ્યાસક્રમ ચલાવતી રાજયની સબંધિત સંસ્થાઓને સોંપવા બાબતે સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે નીચેની શરતોને આધિન મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) ડી.એલ.એડ. કોલેજની સંસ્થાઓએ પ્રવેશની પ્રક્રિયા જે તે શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૨ નું પરિણામ જાહેર થયા તારીખથી દિન-30 માં પૂર્ણ કરી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર પાસે કેટેગરી વાઇઝ વિદ્યાર્થીઓની યાદી પ્રમાણિત કરાવી લેવાની રહેશે.

(૨) પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપી શકાશે નહિ.

(૩) આ બાબતે વિદ્યાર્થીઓની હાજરી સંસ્થામાં જઇ હાજરી સમયાંતરે સુનિશ્ચિત કરવાની રહેશે. જેથી સામાજિક અને નાણાંકીય નુકશાન ન થાય. આ બાબતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરીએ વિધિવત હુકમો કરવાના રહેશે.

(૪) પ્રવેશ આપવામાં કોઇ સંસ્થા દ્વારા ગેરરીતિ આચરવાની બાબત ધ્યાને આવશે તો તેવી સંસ્થાની માન્યતા રદ કરવા સહિતના પગલાં લેવાના રહેશે.

F:\Bihola Backup\Bihola\PTC 2018\Ptc 2017.Docx

Scanned by CamScanner

(૫) વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સંસ્થા બોગસ ન હોવા બાબતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરીએ તકેદારી રાખવાની રહેશે અને સમયાંતરે આકસ્મિક સ્થળ તપાસણી સહિતની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૬) ઓનલાઇન પ્રવેશની આવશ્યકતા જણાય ત્યારે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરીએ આ માટે પુનઃ દરખાસ્ત કરવાની રહેશે. આ બાબતે સમયાંતરે રીવ્યુ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૫/૬/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૮, નવા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(પ્રા.શિ.), બ્લોક નં.૫, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીની કચેરી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- તમામ બિન સરકારી અધ્યાપન મંદિરો/બાલ અધ્યાપન મંદિરોના આચાર્યશ્રીઓ. (પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પગાર ચકાસણી એકમની કચેરી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

F:\Bihola Backup\Bihola\Ptc 2018\Ptc 2017.Docx

Scanned by CamScanner

# પ્રવેશની કાર્યવાહી

૧. પ્રવેશ ફોર્મ તથા વિતરણઃ-

પ્રવેશ માટેના અરજીપત્રકનો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે. તે મુજબના ફોર્મ આપે (સંસ્થા દ્વારા) છપાવવાના રહેશે. તથા કચેરીની જાહેરાત મુજબ વિતરણ કરવાનું રહેશે. પ્રવેશ ફોર્મની કિમત પ્રોસેસિંગ ચાર્જ સહિત રૂા.૨૫/- રાખવી.

૨. ફોર્મનો સ્વીકારઃ-

જાહેરાતમાં જણાવ્યાનુસાર પ્રવેશ ફોર્મનું વિતરણ તથા સ્વીકાર કરવાનો છે. પ્રવેશ ફોર્મ સ્વીકારતા હાલની પધ્ધતિ મુજબ અસલ પ્રમાણપત્રોની વિગતો ફોર્મ ભરેલી વિગતો સાથે ચકાસણી કરી, નીચે ખરાઇનું પ્રમાણપત્ર આપી બિડાણ સહિત ફોર્મ સ્વીકારવાનુ છે. ફોર્મ મળ્યાની પહોંચ આપવી

3 મળેલ પ્રવેશ ફોર્મનુ રજીસ્ટર નિભાવવુઃ-

મળેલ પ્રવેશ ફોર્મને નીચે પ્રમાણેના રજીસ્ટરમાં નોધવાના રહેશે.

| નોંધણી નંબર | નામ | જન્મતારીખ | એચ.એસ.સી.ના મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા | જાતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

૪ પ્રવેશ યાદીઓ તૈયાર કરવી.

મળેલ પ્રવેશ ફોર્મની વિગતોનુસાર કોમ્પ્યુટર દ્વારા પ્રવેશ યાદીઓ તૈયાર કરવી. તેમા તમામ અરજીપત્રકોનું ગુણાનુંક્રમે (૧) જનરલ મેરીટ યાદી (૨) જાતિવાર મેરીટ યાદી તૈયાર કરવી અને તે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીમાં પ્રતિહસ્તાક્ષર કરાવવી, પ્રવેશ યાદી મંજુર થયેથી પ્રવેશપાત્ર ઉમેદવારોના પત્રો યુ.પી.સી.થી રવાના કરવા અને તેમને હાજર થવા માટે ૭ (સાત) દિવસનો સમય આપવો. પ્રવેશ યાદી નોટીસ બોર્ડ ઉપર તથા આ કચેરીને મોકલી આપવી.

૫. ફીઃ-

સ્વનિર્ભર ડી.એલ.એડ. કોલેજમાં પ્રવેશ ફી, સત્ર ફી રૂપિયા ૩૫,000/- (પ્રથમ સત્રમાં રૂા.૧૭,૫00/- તથા બીજા સત્રમાં ૧૭,૫00/-) લેવાની રહેશે. આ સિવાય સંસ્થા લાયબ્રેરી ફી – ઈત્તર ફી તથા હોસ્ટેલ ફી, કુડબીલ મેળવી શકશે. જે અંગેની જાણકારી આ કચેરીને કરવાની રહેશે

૬. અભ્યાસ સંબંધિત વિગતોઃ-

એન.સી.ટી.ઇ.ના ધારાધોરણો અનુસાર લાયકાતવાળા કર્મચારીની નિમણુંક કરવાની રહેશે. તેમના કામના દિવસો નોર્મ્સ મુજબના રહેશે.

Scanned by CamScanner

Diploma in Elementry Education Admission Category wise Distribution Year 21-22

Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi

DIET / Government / Granted / Self Finance Institution

| Total Intact | 25 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Stream | 30 | 8 | | 3 | 1 | 1 | 2 | 1 | 8 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| General | 70 | 17 | | 7 | 1 | 2 | 5 | 2 | 17 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General Stream | 98.97 | 17 | | 7 | 1 | 2 | 5 | 2 | 17 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 25 | | 10 | 2 | 3 | 7 | 3 | 25 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |

Scanned by CamScanner

Diploma in Elementry Education Admission Category wise Distribution Year 21-22

Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi

DIET / Government / Granted / Self Finance Institution

| Total Intact | 31 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Stream | 30 | 9 | | 4 | 1 | 1 | 2 | 1 | 9 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| General | 70 | 22 | | 9 | 2 | 3 | 6 | 2 | 22 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General Stream | 98.97 | 21 | | 9 | 1 | 3 | 6 | 2 | 21 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 31 | | 13 | 3 | 4 | 8 | 3 | 31 | 2 | 0 | 0 | 0 | 0 | 2 |

Scanned by CamScanner

## Diploma in Elementry Education Admission Category wise Distribution Year 2021-22

Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi

DIET / Government / Granted / Self Finance Institution

| Total Intact | 50 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Stream | 30 | 15 | | 6 | 1 | 2 | 4 | 2 | 15 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General | 70 | 35 | | 14 | 2 | 5 | 10 | 4 | 36 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General Strean | 98.97 | 35 | | 14 | 2 | 5 | 10 | 4 | 35 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 50 | | 20 | 3 | 7 | 14 | 6 | 50 | 2 | 0 | 0 | 0 | 0 | 2 |

Scanned by CamScanner

## Diploma in Elementry Education Admission Category wise Distribution Year 2021-22

**Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi**

DIET / Government / Granted / Self Finance Institution

| Total Intact | 62 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Stream | 30 | 19 | | 8 | 1 | 3 | 5 | 2 | 19 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General | 70 | 43 | | 18 | 3 | 6 | 12 | 4 | 43 | 1 | 0 | 0 | 1 | 0 | 2 |
| General Strear | 98.97 | 43 | | 18 | 3 | 6 | 12 | 4 | 43 | 1 | 0 | 0 | 1 | 0 | 2 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 62 | | 26 | 4 | 9 | 17 | 6 | 62 | 2 | 0 | 0 | 1 | 0 | 3 |

Scanned by CamScanner

Diploma in Elementry Education Admission Category wise Distribution Year 2021-22

**Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi**

DIET / Government / Granted / Self Finance Institution

| **Total Intact** | 125 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Strean | 30 | 38 | | 15 | 3 | 6 | 10 | 4 | 38 | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| General | 70 | 87 | | 36 | 6 | 13 | 23 | 9 | 87 | 2 | 0 | 1 | 1 | 0 | 4 |
| General Strear | 98.97 | 86 | | 35 | 6 | 13 | 23 | 9 | 86 | 2 | 0 | 1 | 1 | 0 | 4 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 1 | | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 125 | 0 | 51 | 9 | 19 | 33 | 12 | 125 | 3 | 0 | 1 | 1 | 0 | 6 |

Scanned by CamScanner

Diploma in Elementry Education Admission Category wise Distribution Year 2021-22

Medium Gujarati / Hindi / Marathi / Urdu / Sindhi

DIET / Government / Granted / Self Finance Institution

| Total Intact | 187 | | | Common Candidate | | | | | | Differently Able 5% of Each Catogary | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | General | SC | ST | SE | EWS | Total | General | SC | ST | SE | EWS | Total |
| | % of Stream | | % of Category | 41 | 7 | 15 | 27 | 10 | 100 | | | | | | |
| Science Stream | 30 | 56 | | 23 | 4 | 8 | 15 | 6 | 56 | 1 | 0 | 1 | 1 | 0 | 3 |
| General | 70 | 131 | | 54 | 9 | 20 | 35 | 13 | 131 | 3 | 0 | 1 | 2 | 1 | 7 |
| General Strear | 98.97 | 130 | | 53 | 9 | 20 | 35 | 13 | 130 | 3 | 0 | 1 | 2 | 1 | 7 |
| Vyavsaylaxi | 0.24 | 0 | | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Uttarbuniyadi | 0.79 | 1 | | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 100 | 187 | 0 | 77 | 13 | 28 | 50 | 19 | 187 | 4 | 1 | 2 | 3 | 1 | 10 |

Scanned by CamScanner

169

20 MAY 2005

સ્વનિર્ભર પીટીસી,સીપીએડ, ડીપીએડ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ફાળવવા બાબત. 36

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-ટીસીએમ-૧૪૦૪-૧૧૦૪--ન'
સચિવાલય,ગાંધીનગર,
તારીખ:- 11 MAY 2005

વંચાણે લીધા:-

૧.શિ.વિ.નો તા.૨૧-૬-૦૪ નો ઠ.ક.ટીસીએમ-૧૪૦૩-૧૭૪૪-ન
૨.શિ.વિ.નોતા.૬-૭-૦૪ નો ઠ.ક.ટીસીએમ-૧૪૦૪-૧૫૦૪-ન
૩.શિ.વિ.ફાઇલ ક.ટીસીએમ-૧૪૦૫-સીસી-૧૨૬-ન
૪.શિ.વિ.ફા.ક.ટીસીએમ-૧૪૦૪-સીસી-૧૭૪-ન
૫.શિ.વિ.ફા.ક.ટીસીએમ-૧૪૦૪-સીસી-૨૨૨-+૨૪૪-૧

આમુખ:-

સ્વનિર્ભર પીટીસી, સીપીએડ, ડીપીએડ કોલેજોમાં સરકારી નીતિ અનુસાર મેરીટના ધોરણે પ્રવેશની કામગીરી ચાલે છે. એપેક્ષ કોર્ટે આપેલ ચુકાદા અન્વયે સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટો ફાળવવા આદેશ આપેલ જેના અનુસંધાને સરકારે તા.૬-૭-૦૪ ના ઠરાવથી ઈન્ટેક કેપેસીટીના ૧૦ ટકા સીટો મેનેજમેન્ટ ક્વોટા તરીકે ભરવાનું નકકી કરેલ.

ઠરાવ:-

કાળજી પુર્વકની વિચારણાને અંતે સ્વનિર્ભર પીટીસી, સીપીએડ, ડીપીએડ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો સને ૨૦૦૫-૦૬ ના શૈક્ષણિક વર્ષથી છે બીજા હુકમો ન થાય ત્યાં સુધી ૧૦ ટકા ના ધોરણે રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શૈલેષ પંડયા )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧.માન.મંત્રીશ્રી( શિ )ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૨.માન.શ્રી આર.જે.શાહ,અધ્યક્ષશ્રી,સ્તુતિ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૧ નવપથ સોસાયટી, વિકાસ ગૃહ રોડ,પાલડી,અમદાવાદ-૭
૩.કમિશ્નરશ્રી,સ્કૂલ્સ,બ્લોક નં.૧૨,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
૪.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
૫.નિયામકશ્રી,જી.સી.ઇ.આર.ટી.,સે.૧૨,ગાંધીનગર
૬.અધ્યક્ષશ્રી,એનસીટીઇ વેસ્ટર્ન રીજીયોનલ કમિટિ,માનસ ભવન,શ્યામલા હીલ્સ,ભોપાલ,
૭.ગુજરાત સ્ટેટ સેલ્ફ ફાઇનાન્સ પીટીસી કોલેજ, મેનેજમેન્ટ એશો.અમદાવાદ
૮.ગુજરાત સ્ટેટ સેલ્ફ ફાઇનાન્સ સીપીએડ કોલેજ, મેનેજમેન્ટ એશો.અમદાવાદ
૯.તમામ પીટીસી કોલેજના પ્રાચાર્યશ્રીઓ( પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)

Scanned by CamScanner

**સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed)**
**(તત્કાલીન પીટી.સી.)કોલેજોમાં મેનેજમેન્ટ**
**ક્વોટાની સીટો ભરવા બાબત**

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા. ગાંધીનગર
12 JUL 2012
નંબર 3268
શાખા

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૪૧૨/૭૩૪/ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૫/૭ /૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૪/૧૧૦૪/ન તા. ૧૧/૫/૨૦૦૫
(૨) નામ.ગુ.હા.કોર્ટના એસ.સી.એ. નં.૫૦૦૧/૨૦૧૨ માં આપેલ તા.૧૦/૫/૨૦૧૨ નો ચૂકાદો.
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.૨૯/૬/૨૦૧૨ નો પત્ર.
(૪) સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજના સંચાલક મંડળનો તા. ૨૮/૬/૨૦૧૨ નો પત્ર.

ઠરાવઃ-

સંદર્ભ – (૧) સામે જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૧/૫/૨૦૦૫ ના ઠરાવથી સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થાઓમાં ૧૦ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ ક્વોટાથી અને ૯૦ ટકા જગ્યાઓ સરકારની નીતિ અનુસાર રાજય સરકારે નિયુકત કરેલ કેન્દ્રીય પ્રવેશ સમિતિ ભરી શકે એવી જોગવાઈ કરવામાં આવેલ છે.સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો સંચાલક મંડળ ધ્વારા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અંગેના મુદ્દાઓ બાબતે ના.ગુ.હા.કોર્ટમાં એસ.સી.એ.નં. ૫૦૦૧/૨૦૧૨ થી પીટીશન દાખલ કરેલ હતી જેમાં ના.ગુ.હા.કોર્ટના તા. ૧૦/૫/૨૦૧૨ ના ચૂકાદામાં અપાયેલ આદેશ અન્વયે સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોના સંચાલક મંડળ સાથે થયેલ બેઠકમાં વિગતવાર ચર્ચાના અંતે એસોશીએશને મુદ્દા નં.(૧) થી (૪) માં આપેલ સંમતિ મુજબ અને મુદ્દા નં.(૫)માં નામ.સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે..

(૧) સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થાઓમાં હાલ ૧૦ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ ક્વોટાથી ભરવામાં આવે છે તેને બદલે ૧૫ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ ક્વોટાથી ભરવાની રહેશે.

(૨) કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોના સંચાલક મંડળના બે સભ્યો હાલ લેવામાં આવે છે. તેને બદલે ત્રણ સભ્યો લેવાના રહેશે.

(૩) કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા અરજદારો પાસેથી હાલ પ્રવેશ ફોર્મ ઓનલાઈન મેળવવામાં આવે છે. મેડીકલ, એન્જિનીયરીંગ અને અન્ય કોર્ષમાં ઓનલાઈન ફોર્મ ભરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન ફોર્મ ભરવા પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે સંચાલક મંડળ દ્વારા ફીઝીકલ ફોર્મ ભરવા આગ્રહ રાખેલ હતો આ સંજોગોમાં પ્રવેશ કાર્યવાહીમાં વધુ વિલંબ ન થાય તે ધ્યાને લેતા આ વર્ષ પૂરતી ઓનલાઈન અને ફીઝીકલ ફોર્મ સ્વીકારવાના રહેશે

Scanned by CamScanner

(૪) સંચાલક મંડળ દ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં અવારનવાર જાહેરાત આપવા રજુઆત કરેલ. દર વર્ષે પ્રવેશ સમિતિ દ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. જે પધ્ધતિ ચાલુ રાખવામાં આવે છે. જરૂર જણાશે તો પ્રવેશ સમિતિ ફરીથી જાહેરાત આપીને ફોર્મ મેળવી ખાલી જગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા હાથ ધરશે.

(૫) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી જગ્યાઓ સંસ્થાઓ મારફત ભરવા સંચાલક મંડળની રજુઆત હતી ઉપર મુદ્દા નં.(૪ ) માં જણાવ્યાનુસાર કેન્દ્રીય પ્રવેશ સમિતિ મારફત હાથ ધરેલ પ્રવેશ પ્રક્રિયા પૂરી થયેથી રાજયની કોઈપણ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં ખાલી જગ્યાઓ રહે તો તે ભરવા માટે નામ.સુપ્રિમ કોર્ટના તા.૧૫/૭/૨૦૧૧ ના એસ.એલ.પી. ૨૦૭૧૯/૨૦૧૧ માં આપેલ આદેશ મુજબ કેન્દ્રીય પ્રવેશ સમિતિ નવેસરથી જાહેરાત આપી ફોર્મ મેળવી મેરીટના આધારે યાદી તૈયાર કરી જે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં ખાલી જગ્યાઓ હોય તેમને રાજ્ય સરકારની અનામત નીતિ લક્ષમાં રાખી નામો મોકલી આપશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ,
શિક્ષણ મંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજ્ય.મંત્રીશ્રી શિક્ષણ,(પ્રાથ અને માધ્ય. શિક્ષણ) ના અંગતસચિવશ્રી., સચિવાલય, ગાંધીનગર
પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ડો.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
સંચાલક પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો સંચાલક મંડળ (પ્રા.શિ.નિ.શ્રીની કચેરી મારફત)
નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. સેકટર-૧૨, ગુજરાત રાજ્ય, ગાંધીનગર .
સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ સમિતિના સભ્યો(પ્રા.શિ.નિ.શ્રી કચેરી મારફત)
હિસાબ અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
શાખાના અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner

પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.)
(તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના
નિયમો ઘડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨ /૭/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ-૧૯૯૩
(૨) ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન રૂલ્સ-૧૯૯૭
(૩) ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન(રીકોગ્નીઝન નોર્મ્સ અને પ્રોવીજન) રેગ્યુલેશન-૨૦૦૯ તથા તે સાથેનું એપેન્ડીક્ષ-૨
(૪) પી.ટી.સી. પ્રવેશના નિયમો ૨૦૧૧-૧૨
(૫) નામ.ગુજરાત હાઇકોર્ટની લાર્જર બેંચ પીઠે સ્પે.સી.એ.નં.૧૩૬૪૫/૨૦૧૧ માં આપેલ તા.૧૦/૫/૨૦૧૨નો ચુકાદો
(૬) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક/ટીસીએમ/૧૪૦૪/૬૧/ન, તા.૭/૫/૨૦૦૪
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની તા.૨૧/૪/૨૦૧૨ની સિંગલ ફાઇલ ક્રમાંક-૨૩

આમુખઃ-

શૈક્ષણિક સંસ્થાઓ નિયમન અધિનિયમ ૧૯૮૪ રાજયની શૈક્ષણિક સંસ્થાઓ ઉપર નિયમન લાવવાના ઉદેશથી ઘડવામાં આવ્યો હતો અને તેના હેઠળ પ્રિ.પી.ટી.સી./પી.ટી.સી. સંસ્થાઓના નિયમો ૧૯૮૪ તૈયાર કરવામાં આવ્યા હતા. જેના નિયમ-૬ માં નિર્દિષ્ટ પરિશિષ્ટ-૫ માં દર્શાવ્યા મુજબ
( વખતો વખતના સુધારા સહિત ) પ્રવેશ નિયમો ઘડેલ. આ નિયમો અન્વયે સને ૨૦૧૧-૧૨ ના શૈક્ષણિક વર્ષમાં પી.ટી.સી. પ્રવેશ સંબંધે ઘડેલ નિયમો અનુસાર પ્રવેશ નિયમ ૪.૧.૧ થી ૪.૧.૩ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય અથવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન દ્વારા દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળાઓમાંથી પાસ કરેલ હોય તેમને જ પ્રવેશ માટે પાત્ર ગણેલ હતા.

સુશ્રી પિયંકા વર્મા કે જેઓએ માધ્યમિક શિક્ષા પરિષદ ઉત્તરપ્રદેશ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોવાથી પરંતુ તેઓ ઉકત જોગવાઇ અન્વયે તેઓને પી.ટી.સી.માં પ્રવેશ આપવામાં આવ્યો ન હતો તેથી તેઓએ નામ.ગુજરાત હાઇકોર્ટમાં રીટ પીટીશન ( ખાસ દિવાની અરજી ક્રમાંક ૧૩૬૪૫/૨૦૧૧) દાખલ કરી હતી જેમાં ગુજરાત હાઇકોર્ટની ખંડપીઠે નીચે મુજબનો ચુકાદો આપેલ છે.

Scanned by CamScanner

" 51. In the result, this writ petition succeeds and is allowed. A writ of mandamus is issued to the respondents with the following directions :-

(i). The National Council for Teacher Education Act, 1993 and National Council for Teacher Education (Recognition, Norms and Procedure) Regulations, 2009, are binding on the Government of Gujarat.

(ii). It is declared that the Gujarat Educational Institutions (Regulation) Act, 1984, the Gujarat Educational Institutions (Pre-primary and Primary Teachers Training College) Rules, 1984 as amended in 1998 and the instructions issued on 4.6.2002 by the Education Department of the State Government are void and unenforceable under Article 254(1) of the Constitution of India.

(iii). The decision taken by the State Government to admit only those students in PTC course who had passed Higher Secondary School (10+2 pattern) examination or other institutions which impart equivalent qualification situated within the State of Gujarat excluding students from other States is contrary to the National Council for Teacher Education Act, 1993 and National Council for Teacher Education (Recognition, Norms and Procedure) Regulations, 2009 and it amounts to granting 100% or wholesale reservation to local students, who had passed qualifying examination from Gujarat, which is impermissible and is declared to be void and unconstitutional and is struck down for being unreasonable, arbitrary and violative of Article 14 of the Constitution of India. ......................... "

૨. ઉપરોક્ત ચુકાદાના સંદર્ભે રાજ્ય સરકારે નામદાર ગુજરાત હાઇકોર્ટની ખંડપીઠના તા.૧૦/૫/૨૦૧૨ ના ચુકાદાથી આપેલ આદેશ મુજબ ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ-૧૯૯૩, ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન રૂલ્સ-૧૯૯૭, ધી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન(રીકોગ્નીઝન નોર્મ્સ અને પ્રોવીજન) રેગ્યુલેશન-૨૦૦૯ તથા તે સાથેનું એપેન્ડીક્ષ-૨ ની જોગવાઇને અનુરૂપ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ અંગેના નિયમો બનાવવા અંગે કાળજી પૂર્વકની વિચારણા કર્યાબાદ, રાજ્ય સરકારે સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નવા નિયમો આ સાથે બીડેલ પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ નિયત કરવાનું ઠરાવેલ છે.

૩. આ નિયમો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
૩. સર્વ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
૪. સર્વ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
૫. માન વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,

Scanned by CamScanner

...રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ,

૭. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,

૮. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

૯. સચિવાલયના તમામ વિભાગો,

૧૦. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

૧૧. નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

૧૨. શિક્ષણ વિભાગના તમામ ખાતાના વડાઓની કચેરી,

૧૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ,

૧૪. શિક્ષણ વિભાગના સર્વે મદદનીશ કર્મચારીશ્રીઓ શાખામાં.

Scanned by CamScanner

# પરિશિષ્ટ-૧

## પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા પ્રવેશ નિયમો

| ક્રમ | સુધારેલ નિયમ |
|---|---|
| ૧ | નિયમોઃ- આ નિયમો ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અથવા ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા પાસ કર્યા પછીના બે વર્ષના પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાના નિયમો કહેવાશે. |
| ૨ | લાગુ પાડવા બાબતઃ-આ નિયમો ગુંજરાત રાજ્યની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ આપતી તમામ માન્ય પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજોને લાગુ પડશે. |
| 3 | કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિઃ- આ નિયમો હેઠળ રાજ્યની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ આપતી તમામ માન્ય પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજોમાં પ્રવેશ, મેરીટ મુજબ કેન્દ્રીયકૃત પ્રવેશ પદ્ધતિ હેઠળ આપવામાં આવશે. |
| ૩.૧ | રાજ્યની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ આપતી સંસ્થાઓમાં મુખ્ય ત્રણ પ્રકારો છે.<br>(ક) પુરૂષો માટેની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ કોલેજો કે જેમાં મંજુર ઇન્ટેકની ૧૦૦ ટકા જગ્યાઓ પુરૂષ ઉમેદવાર માટેની હોય તો ફક્ત પુરૂષને પ્રવેશ આપવામાં આવશે.<br>(ખ) સ્ત્રીઓ માટેની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ કોલેજો કે જેમાં મંજુર ઇન્ટેકની ૧૦૦ ટકા જગ્યાઓ સ્ત્રી ઉમેદવારો માટેની હોય તો તેમાં ફક્ત સ્ત્રી ઉમેદવારને જ પ્રવેશ આપવામાં આવશે.<br>(ગ) મિશ્ર પ્રાથમિક શિક્ષણ તાલીમ ડિપ્લોમા કોલેજો કે જેમાં ઇન્ટેકની ૫૦ ટકા જગ્યાઓ પુરૂષ અને ૫૦ ટકા જગ્યાઓ સ્ત્રી ઉમેદવાર માટે હોય ત્યારે જો પુરતી સંખ્યામાં બંને કક્ષાના ઉમેદવાર હોય તો તેમને રેશિયા મુજબ પ્રવેશ આપવાનો રહેશે. પરંતુ જો જગ્યા ખાલી રહે તો ઉપલબ્ધ સ્ત્રી કે પુરૂષમાંથી જે ઉમેદવારો ઉપલબ્ધ હોય તેને પ્રવેશ આપવાનો રહેશે. આ કાર્યવાહી કરવાની થાય તો સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા પછી કરી શકાશે. રીસફલીંગ થઇ શકશે નહિ |
| ૪ | પ્રવેશ માટેની પાત્રતાઃ- આ નિયમો પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા તાલીમ આપતી માન્ય ડિપ્લોમા કોલેજોમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારો નીચે મુજબની પાત્રતા ધરાવતા હોવા જોઇશે. |
| ૪.૧ | પ્રવેશ માટેની ઉર્તિર્ણ પરીક્ષાઃ- |
| ૪.૧.૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઃ-<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહ અથવા ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ અથવા વ્યવસાયલક્ષી પ્રવાહ પરીક્ષા. |
| ૪.૧.૨ | સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલ પરીક્ષાઃ-<br>ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય કેન્દ્રીય શાળાઓ/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે જેની પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, નવી દિલ્હી દ્વારા લેવાતી હોય તેના ધોરણ-૧૨ ની ઉપર પેટા નિયમ-૪.૧.૧ માં જણાવ્યા મુજબ પ્રવાહોની પરીક્ષા. |
| ૪.૧.3 | કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન દ્વારા લેવાયેલ પરીક્ષાઃ-<br>રાજ્યમાં આવેલી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ કે જે કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કૂલ |



Scanned by CamScanner

| | |
|---|---|
| | સર્ટીફીકેટ એક્ઝામિનેશનની [illegible] ઉપર પેટા નિયમ-૦.૫.૧ માં જણાવ્યા મુજબની પરીક્ષા. |
| ૪.૧.૪ | ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્યોના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જે કોઇ નામથી ઓળખાતુ હોય) ની ધોરણ-૧૨ ની પરીક્ષા. |
| ૪.૧.૫ | બીજા રાજ્યોમાં આવેલ CBSE અને ICSE બોર્ડની શાળાઓના ધોરણ-૧૨ ની પરીક્ષા |
| ૪.૨ | પ્રવેશ માટે લઘુત્તમ ગુણઃ- ઉમેદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ. પરંતુ SC/ST/OBC ઉમેદવારે ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઇએ. |
| ૪.૩ | બોર્ડની પુરક પરીક્ષામાં ઉર્તિણઃ-પ્રવેશ સમિતિ દ્વારા કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયાની શરૂઆત થયા બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પૂરક પરીક્ષામાં ઉર્તીર્ણ થયેલ ઉમેદવારને જે તે વર્ષ દરમ્યાન પ્રવેશને પાત્ર ગણવામાં આવશે નહિ ત્યારપછીના વર્ષમાં તે પ્રવેશ માટે અરજી કરી શકશે. |
| ૪.૪ | મહત્તમ ઉંમર મર્યાદાઃ- પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે વર્ષના જુલાઇની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહિ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ખપશ/૧૦૧૦/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦થી રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમાર્થી શિક્ષકો માન્ય પી.ટી.સી. કોલેજોમાં પી.ટી.સી.ની તાલીમ મેળવી લેવાનું નક્કી કરેલ છે. આવા ઉમેદવારોને વય મર્યાદા લાગુ પડશે નહિ. |
| ૪.૫ | મહત્તમ ઉંમરમાં છૂટછાટઃ- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની બાબતમાં વય મર્યાદામાં ૫ વર્ષ ની છૂટછાટ આપવામાં આવશે. |
| ૪.૬.૧ | પ્રવેશનું માધ્યમઃ- ઉમેદવારે જે માધ્યમમાં ધોરણ ૧૦ ની પરીક્ષા પાસ કરી હશે તે જ માધ્યમ કોલેજમાં તે પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે. |
| ૪.૬.૨ | ઉર્દુ માધ્યમમાં પ્રવેશઃ- ઉર્દુ માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધો-૧૦ ની પરીક્ષા ઉર્દુ માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ. |
| ૪.૬.૩ | મરાઠી માધ્યમમાં પ્રવેશ- મરાઠી માધ્યમમાં પ્રવેશ મેળવતા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા મરાઠી માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ. |
| ૪.૬.૪ | હિન્દી માધ્યમમાં પ્રવેશઃ- હિન્દી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ની પરીક્ષા હિન્દી માધ્યમમાં પાસ કરેલ હોવી જોઇએ. |
| ૪.૬.૫ | અંગ્રેજી માધ્યમમાં પ્રવેશઃ- અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ની પરીક્ષા અંગ્રેજી,માધ્યમમાં પાસ કરેલ હોવાં જોઇએ. |
| ૪.૬.૬ | અંગ્રેજી માધ્યમના ઉમેદવારો માટેની બેઠકોઃ- અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજમાં અંગ્રેજી માધ્યમમાં ઉમેદવારો પુરતા પ્રમાણમાં ન મળવાને કારણે જો અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજમાં બેઠકો ખાલી રહે, તો તેવા સમયે અન્ય માધ્યમમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અંગ્રેજી વિષય સાથે પરીક્ષા પસાર કરી હોય તેવા ઉમેદવારોની અલગ સંયુક્ત (ગુજરાતી, ઉર્દુ, મરાઠી, સિંધી અને |

૬૨૧



Scanned by CamScanner

| | |
|---|---|
| | હિન્દી માધ્યમની મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને ઉમેદવારો અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજમાં પ્રવેશ મેળવી અંગ્રેજી માધ્યમમાં પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કરવાની લેખિત સંમતિપત્ર અપાશે તો ગુણવત્તાના ધોરણે આવા ઉમેદવારોને અન્ય માધ્યમમાં જે ક્રમથી પ્રવેશ અટકેલ હશે તે જ ક્રમથી પ્રવેશ આપવામાં આવશે. આવા ઉમેદવારોએ પ્રવેશ માટેની અલગ અરજી અંગ્રેજી માધ્યમ માટે કરવાની રહેશે નહિ. |
| ૫ | **અનામત બેઠકોઃ-** |
| ૫.૧ | **અનુસૂચિત જાતિઃ-** અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે-૭ ટકા અનુસૂચિત જાતિઓના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિક્કા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. |
| ૫.૨ | **અનુસૂચિત જન જાતિઃ-** અનુસૂચિત જન જાતિના ઉમેદવારો માટે-૧૫ ટકા અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારોએ સક્ષમ અધિકારીની સહી સિક્કા કરેલ અને મેળવેલ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. |
| ૫.૩ | **સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગઃ-**<br>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે-૨૭ ટકા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તેમજ તેમનો સમાવેશ "ઉન્નત વર્ગો"માં થતો નથી તે મુજબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર પ્રવેશ વર્ષના અગાઉના તા.૩૧/૩ ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષની આવકના આધારે મેળવેલું હોવું જોઇશે. ૩૧/૩/૨૦૨<br>નોંધઃ- ઉપરોક્ત પ્રમાણપત્રોમાં સક્ષમ અધિકારી એટલે યથાપ્રસંગ સબંધિત વહીવટી વિભાગે જાહેર કરેલ સક્ષમ અધિકારી એમ ગણવાનું રહેશે. |
| ૫.૪ | **વિકલાંગ ઉમેદવારો માટે અનામતઃ-** વિકલાંગ ઉમેદવારોની વિકલાંગતા શિક્ષકના વ્યવસાયને બાધારૂપ બને તેમ છે કે કેમ? તેની ચકાસણી માટે નીચેના તજજ્ઞોની વિકલાંગતા ચકાસણી સમિતિની રહેશે. ૩%/ ૫% ૬૨૧૬<br>૧. સિનિયર મહિલા વ્યાખ્યાતા રાજ્યના જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં કાર્યરત હોય તે પૈકી એક<br>૨. આચાર્યશ્રી- અનુદાનિત/સરકારી પી.ટી.સી. કોલેજમાં કાર્યરત હોય તે પૈકી એક<br>૩. કો-ઓર્ડિનેટર અંધજન મંડળ, વસ્ત્રાપુર, ગાંધીનગર.<br>૪. સિવિલ સર્જનશ્રી, ગાંધીનગર સૂચવે તે ડૉક્ટર ઉપર દર્શાવેલ ક્રમ-૧, ૨, ૩ની નિયુક્તિ નિયામકશ્રી વખતો વખત કરે તે પ્રમાણે રહેશે.<br>સમિતિનું કાર્યક્ષેત્ર અને ફરજોઃ-<br>૧. વિકલાંગ ઉમેદવારની પી.ટી.સી. અભ્યાસક્રમમાં તથા ત્યારબાદ પ્રાથમિક શાળાના શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ ન હોય તેવી મૂક-બધિર, અંધત્વ અથવા અલ્પદ્રષ્ટિ તથા અસ્થિવિષયક વિકલાંગતાની ચકાસણી તથા તપાસ કરવાની રહેશે.<br>૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠ.ક્રઃટીરીએમ /૧૪૦૨ /૩૫૪/ન તા.૨/૯/૦૩ ની વિગતો પણ ધ્યાને લેવાની રહેશે. |
| ૫.૪(ક) | મુકબધિર ઉમેદવારો, અંધત્વ અથવા અલ્પદ્રષ્ટિ ધરાવતા ઉમેદવારો અને અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોનો સમાવેશ વિકલાંગ કેટેગરીમાં થાય છે. |
| ૫.૪(ખ) | નિયમ ૫.૪ માં દર્શાવ્યા મુજબના વિકલાંગ ઉમેદવારો માટે કુલ ૩ ટકા જગ્યાઓ |



Scanned by CamScanner

અનામત રાખવાની રહેશે. આ ૩ ટકા જગ્યાઓ પૈકી

- મુકબધિર ઉમેદવારો માટે ૧ ટકા
- અંધત્વ તથા અલ્પદ્રષ્ટિવાળા ઉમેદવારો માટે ૧ ટકા અને
- અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૧ ટકા જગ્યાઓ વિભાજીત કરવાની રહેશે.

વિકલાંગ ઉમેદવારો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ તથા સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિયમ-૫ હેઠળ નિયત કરેલ અનામતની જોગવાઇ લાગુ પડશે. તે અનુસાર નિયમ-૪.૫ માં દર્શાવેલ મહત્તમ ઉંમરનો લાભ મળી શકશે.

૫.૪.૧ મુકબધિર ઉમેદવારો:-

મુકબધિર ઉમેદવારો માટે સૌ પ્રથમ અગ્રતા તેમના સ્પષ્ટ ઉચ્ચારણો અને સ્પષ્ટ સાંભળી શકવાની ક્ષમતા હોવી જરૂરી. મુક બધિરનું પ્રમાણપત્ર નીચે મુજબનું હોવું જોઇએ-

| No. | Category | Type of Impairment | DB Level and or | Speech descrimination | Percentage of Impairment |
|---|---|---|---|---|---|
| 1 | II | Moderate hearing impariment | 41 to 55 db in better ear | 50 to 80% better ear | 40% to 50% |
| 2 | III | Severre hearing impariment | 56 to 70 db in better ear | 40 to 50% better ear | 50% to 75% |

(શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:ટીસીએમ/૧૪૦૨/૩૫૪/ન તા.૨/૯/૦૩)

૫.૪.૨ અલ્પ દ્રષ્ટિ ધરાવતા ઉમેદવારો:-શાળાના વર્ગખંડમાં નિરીક્ષક કરી શકે તેવી દ્રષ્ટિ ક્ષમતા હોવી જરૂરી. અલ્પદ્રષ્ટિનું પ્રમાણ નીચે મુજબ હોવું જરૂરી.

| No. | Category | Better eye | Worse eye and or | Percentage of Impairment |
|---|---|---|---|---|
| 1 | II | 6/18 to 6/36 | 6/60 to Nil | 75% |
| 2 | III | 6/60 to 4/60 | 3/60 to Nil | 75% |
| 3 | III | 3/60 to 1/60 | F.C.at 1 fit to Nil | |

૫.૪.૩ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો:-૪૦ ટકા અથવા તેનાથી વધારે પ્રમાણિત વિકલાંગતા સાથે આપમેળે સરળ રીતે હરીફરી શકવાની ક્ષમતા જરૂરી.

૫.૪.૪ અનામત ઉમેદવારોને પ્રવેશ:- અનામત કેટેગરીના ઉમેદવારને ગુણવત્તા અનુસાર બિનઅનામત બેઠક ઉપર તેમની પસંદગીના સ્થળે પ્રવેશ મળતો હશે તો તે મુજબ પ્રથમ બિન અનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે. તે માટે ઉમેદવારો જે કેટેગરીનો હોય, તે કેટેગરીની અનામત બેઠક ઉપર તેનો પ્રવેશ ગણવામાં આવશે નહી અને સબંધિત અનામત કેટેગરીમાં આવતા ઉમેદવારોની મળવાપાત્ર બેઠકોની સંખ્યા જાળવી રાખવામાં આવશે. આમ છતાં તમામ અનામત કેટેગરીના ઉમેદવારોને સરકાર તરફથી જે કોઇ લાભ મળવાપાત્ર હોય છે તે લાભો આવા બિન અનામત બેઠકો ઉપર



Scanned by CamScanner

| | |
|---|---|
| | પ્રવેશ મેળવનાર ઉમેદવાર મેળવી શકશે. [illegible] |
| ૫.૪.૫. | અનામત બેઠકો અન્ય કેટેગરીના ઉમેદવારોથી ભરવાઃ-<br>ઉપરોક્ત અનામત બેઠકો જે તે કક્ષાથી ભરાયા બાદ જો બેઠક ખાલી રહે તો તે પ્રવાહ બદલીને જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરી શકાશે. તેમ છતાં જો બેઠકો ખાલી રહેશે તો આવી બેઠકો બિન અનામત ઉમેદવારોથી ભરી શકાશે. |
| ૫.૪.૬ | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ(ડાંગ) ખાતે પ્રવેશઃ- જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ(ડાંગ ખાતે મંજુર થયેલ પ્રવેશ ક્ષમતાની ૫૦ ટકા લેખે ૨૬ બેઠકો ડાંગી ઉમેદવારોથી ભરવામાં આવશે. ડાંગીની જગ્યા ઉપર ઉમેદવારી કરનાર ડાંગ જીલ્લાના રહેવાસી હોવા જોઇએ. ઉમેદવારની પસંદગી માટે નીચે મુજબ ક્રમિક અગ્રતા રહેશેઃ-<br>(૧) પ્રથમ અગ્રતાઃ-<br>ડાંગ જીલ્લાની શાળામાં અભ્યાસ કર્યાબાદ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા ડાંગ જીલ્લાની શાળામાંથી પાસ કરેલ હોય.<br>(૨) બીજી અગ્રતાઃ-<br>ઉપર(૧)મુજબ કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લાની શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ-૧૨ ની પરીક્ષા ડાંગ જીલ્લામાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય.<br>(૩) ત્રીજી અગ્રતાઃ-<br>ઉપર(૧) અને (૨) ની કાર્યવાહી કરવા છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લામાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ડાંગ જીલ્લામાં આવેલ શાળામાંથી ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ હોય.<br>(૪) ચોથી અગ્રતાઃ- ઉપર (૧), (૨) અને (૩) ની કાર્યવાહી છતાં બેઠકો ખાલી રહે તો ડાંગ જીલ્લાના રહેવાસી હોય પરંતુ ડાંગ બહાર અભ્યાસ કરેલ હોય. |
| ૬ | પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજોમાં બેઠકોની સંખ્યાઃ- |
| ૬.૧ | નિયમ-૩.૧ માં દર્શાવ્યા પ્રમાણેની દરેક પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજમાં બેઠકોની સંખ્યા એન.સી.ટી.ઇ. દ્વારા મંજુર કરવામાં આવેલ ઇન્ટેક પ્રમાણે રહેશે.ઉપલબ્ધ બેઠકો હવે પછી દર્શાવ્યા પ્રમાણેના ઉમેદવારોને ફાળવવામાં આવશે. |
| ૬.૨ | ઉપલબ્ધ બેઠકોની પ્રવાહવાર ફાળવણી નીચે મુજબ રહેશેઃ-<br>(અ) વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ૩૦ ટકા.<br>(બ) સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી તથા વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારો માટે ૭૦ ટકા(સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોના સપ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવશે.) |
| ૭ | કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિઃ- નિયમ-૩.૧ માં દર્શાવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ હેઠળ નિયમ (૪) માં દર્શાવેલ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે નિયમ-૬.૧ મુજબના ઇન્ટેકની ફાળવણી ધ્યાને લઇને નિયમ-૯.૦ માં જણાવ્યા પ્રમાણે તૈયાર કરવામાં આવનાર મેરીટ યાદીના આધારે પ્રવેશ આપવામાં આવશે. |
| ૮ | મેરીટ ગુણ અને તેની સુધારણાઃ- |



Scanned by CamScanner